# આપણી વાત

**સંકલન : પ્રફુલ્લ રાવલ**

■ ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત એની સરૈયા લેખિકા પ્રોત્સાહનનિધિ અંતર્ગત કાર્યશાળામાં તા. ૧૨-૨-૨૦૧૯ના મંગળવારે બપોરે ૩.૦૦ વાગે મળી હતી. આ કાર્યશાળામાં શ્રી મલયાનિલની ટૂંકી વાર્તા ‘ગોવાલણી’નું પઠન થયું અને તેની વિશેષતાઓ અને મર્યાદાઓ વિશે બહેનોએ ચર્ચા કરી. ત્યારબાદ સ્વરચિત કૃતિઓનું પઠન અને તેના વિશે ચર્ચા થઈ. કાર્યશાળાનું સંયોજન પારુલ કંદર્પ દેસાઈએ કર્યું.

■ ગુજરાતી સાહિત્ય પરિષદ-સંચાલિત શ્રી ક. લા. સ્વાધ્યાયમંદિર અને ગુજરાતી વિભાગ, ભાષાસાહગિત્યભવનના સંયુક્ત ઉપક્રમે ‘વિવેચનના વિવિધ અભિગમો : કૃતિ સંદર્ભે’ શ્રેણીનું બીજું વ્યાખ્યાન ડૉ. શિરીષ પંચાલે ‘કૃતિલક્ષી અભિગમ : કેટલીક કૃતિઓના સંદર્ભે’ તા. ૭-૨-૨૦૧૯ના રોજ બપોરે ૧૨.૦૦થી ૧.૩૦ દરમિયાન ઉમાશંકર જોશી હૉલ, ભાષાસાહિત્યભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદમાં આપ્યું હતું.

આ વ્યાખ્યાનના પ્રારંભે શ્રી ઇતુભાઈ કુરકુટિયાએ સૌનું સ્વાગત અને વ્યાખ્યાનશ્રેણીની ભૂમિકા બાંધી આપી હતી. ભાષાભવનના વિદ્યાર્થિની મેઘાએ પુસ્તકથી વક્તાશ્રી ડૉ. શિરીષ પંચાલે પ્રિયકાન્ત મણિયારની ‘માછલી’, જયંતિ દલાલની ‘ઝાડ, ખિસકોલી અને માળો’, જયંત ખત્રીની ‘કૃષ્ણજન્મ’, સુરેશ જોષીની ‘વર્તુળ’ વગેરે કૃતિઓની વિવેચના કરી હતી. પરિષદના મહામંત્રીશ્રી પ્રફુલ્લ રાવલે પ્રાસંગિક વક્તવ્ય આપ્યું હતું. આ વ્યાખ્યાનમાં સર્વશ્રી કીર્તિદા શાહ, પારુલ કંદર્પ દેસાઈ, ચીમનભાઈ તેમજ ભાષાસાહિત્યભવનના એમ.એ. એમ.ફિલ. અને પીએચ.ડીના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

■ ગુજરાતી સાહિત્ય પરિષદસંચાલિત ચી. મં. ગ્રંથાલયમાં દર મહિનાની સત્તરમી તારીખથી એ પછીના શનિવાર સુધી યોજાતા પુસ્તક-પ્રદર્શનમાં ફેબ્રુઆરી મહિનામાં તા. ૧૮થી ૨૩ દરમિયાન શ્રી ઈશ્વર પેટલીકરના જન્મદિવસ (૧૦-૨) નિમિત્તે ગુજરાતી નવલકથાઓનું પ્રદર્શન યોજાયું હતું. તેમાં ક. લા. સ્વાધ્યાયમંદિરનાં નિયામકશ્રી પારુલ કંદર્પ દેસાઈ, ઇતુભાઈ કુરકુટિયા, પરિષદના ઉપપ્રમુખશ્રી રાજેન્દ્ર પટેલ, શ્રી મોહન પરમાર, શ્રી મનીષ પાઠક, ગ્રંથાલયમંત્રીશ્રી પરીક્ષિત જોશીએ તેમજ પીએચ.ડી. વિદ્યાર્થીઓ અને સાહિત્યરસિકોએ આ પુસ્તક-પ્રદર્શનની મુલાકાત લીધી હતી. હંમેશાં પ્રિવ્યૂ અને ન્યૂઝ પ્રકાશિત-પ્રસારિત કરતા ડી.ડી. ગિરનાર ચૅનલે નોંધ લઈને કાર્યક્રમ પ્રસારિત કર્યો હતો. પરીક્ષિતભાઈએ તેમનો આભાર

માન્યો હતો. સર્વશ્રી પરીક્ષિત જોશી, મોહન પરમાર અને મનીષ પાઠકે શ્રી ઈશ્વર પેટલીકરના સાહિત્યની વાત કરી હતી.

- ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા યોજાતા 'શ્રી રવિશંકર રાવળ વ્યાખ્યા' અંતર્ગત તા. ૨૭-૨-૨૦૧૯ના રોજ સાંજના ૫.૩૦ કલાકે વિખ્યાત કઠપૂતળી કલાકાર શ્રી દાદી પદમજીએ તસવીરો, વિડિયો અને નિદર્શન દ્વારા તેમની કલાયાત્રા પર વ્યાખ્યાન રા. વિ. પાઠક સભાગૃહ, ગુજરાતી સાહિત્ય પરિષદમાં આપ્યું હતું.
- જાણીતા નવલકથાકાર અને કેળવણીકાર શ્રી પ્રમોદ ત્રિવેદીનું તા. ૫-૨-૨૦૧૯ના રોજ સુરેન્દ્રનગર ખાતે દુઃખદ અવસાન થયું. શ્રી પ્રમોદ ત્રિવેદીએ ૨૦ જેટલી નવલકથાઓ લખી હતી.

❑

## સાભાર સ્વીકાર

### પ્રકીર્ણ

**છીપે પાક્યાં મોતી** (મુકુન્દરાય વિ. પારાશર્ય) સ્મૃતિ ગ્રંથ-૨, કનુભાઈ જાની, દિલાવરસિંહ જાડેજા, હરિકૃષ્ણ પાઠક, ૨૦૧૧, ૨૧૯૩/સી, શાંતિસદન, વડોદરિયા પાર્ક, ભાવનગર, ૧૪ + ૮૭, રૂ. ૮૦, **છીપે પાક્યાં મોતી** (મુકુન્દરાય વિ. પારાશર્ય) સ્મૃતિગ્રંથ-૧, કનુભાઈ જાની, દિલાવરસિંહ જાડેજા, હરિકૃષ્ણ પાઠક, ૨૦૧૦, મુકુન્દરાય વિ. સ્મારક ટ્રસ્ટ, ૨૧૯૩/સી, શાંતિસદન, વડોદરિયા પાર્ક, ભાવનગર, ૫૧ + ૬૨૫, રૂ. ૪૫૦ **જ્વેલ ઑફ ગિર** ડૉ. સંદીપકુમાર/મોઈન પઠાણ, ૨૦૧૮, આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ. મુંબઈ/અમદાવાદ, પૃ. ૩૧૨, રૂ. ૩૨૫ **અનલિમિટેડ Power** અનુ. ખ્યાતિ ખારોડ, સંપા. હર્ષદ પંડ્યા, ૨૦૧૮, આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ., મુંબઈ/અમદાવાદ, પૃ. ૪૨૪, રૂ. ૩૯૦ **આપણે પ્રવાસી પારાવારના** ગુણવંત શાહ, ૨૦૧૮, આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ., મુંબઈ/અમદાવાદ, પૃ. ૧૯૨, રૂ. ૨૦૦ **સુખી ફેમિલીના Funda** અનુ. સુજલ ચિખલકર ૨૦૧૮, આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ., મુંબઈ/અમદાવાદ, પૃ. ૧૨૦, રૂ. ૧૨૦ **જિંદગી એટલે** ઉમેશ ભટ્ટ, ૨૦૧૮, શુભમ સાહિત્ય, સુરત, પૃ. ૯૬, રૂ. ૧૮૦ **સંયમ જાળવો જીવન ઉજાળો** ઉમેશ ભટ્ટ, ૨૦૧૮, શુભમ સાહિત્ય, સુરત, પૃ. ૯૬, રૂ. ૮૦ **પ્રભુને પામવાના સરળ માર્ગો** ઉમેશ ભટ્ટ, ૨૦૧૮, શુભમ સાહિત્ય, સુરત, પૃ. ૯૬, રૂ. ૮૦